**નેતાજી, વોટ માંગતા પહેલા બેડું ઉપાડી જુઓ**

## ચૂંટણીનો રણકાર, અહીં સુવિધાનો અંધકાર

**આઝાદીના** દાયકાઓ પછી પણ ઓવાડા 'તરસ્યું': એસ.ટી. બસ સપનું અને પાણી માટે ભટકતું ગામ

**વિકાસથી** વંચિત રહેતા મહિલાઓ દ્વારા ભાજપ-કોંગ્રેસ સામે વિરોધ



### 'પહેલાં પાણીની સુવિધા આપો, પછી કચરા માટે જગ્યા બનાવજો'

એક તરફ ગામ પાયાની સુવિધાઓ માટે ઝઝૂમી રહ્યું છે, ત્યારે બીજી તરફ તંત્ર દ્વારા અહીં ડમ્પિંગ સાઈટ બનાવવાની હિલચાલ તેજ કરવામાં આવી છે. આ નિર્ણયને લઈને સ્થાનિક મહિલાઓમાં ભારે રોષ છે. મહિલાઓનું સ્પષ્ટ કહેવું છે કે, પહેલા અમને હોસ્પિટલ અને પાણીની સુવિધા આપો, કચરો ઠાલવવાની જગ્યા પછી બનાવજો.

વલસાડઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો રંગ જામ્યો છે ત્યારે વલસાડ જિલ્લામાં મતદારોનો શું મુદ્દો છે. ધરમપુર વિધાનસભાની ઓવડા બેઠક ઉપર 5 વર્ષમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા ઓવડા ગામમાં કેટલો વિકાસ થયો છે અને કેટલો વિકાસ બાકી. ગામના લોકોને પ્રાથમિક સુવિધા મળી છે કે નહીં? વલસાડના ઓવાડા ગામની મહિલઓ માથે બેડાં ઉપાડી પાણી માટે ભટકી રહી છે. સરકારની 'નલ સે જલ' યોજના માત્ર કાગળ પર રહી ગઈ છે. કારણ કે નળ તો છે પણ તેમાં પાણીના ટીપાંના દર્શન પણ દુર્લભ છે. માત્ર પાણી જ નહીં, આરોગ્ય અને પરિવહનની સ્થિતિ પણ એટલી જ દયનીય છે. ગામમાં એક પણ PHC એટલે કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નથી. જો કોઈ સગર્ભા મહિલા કે બીમાર વ્યક્તિને ઈમરજન્સી આવે, તો એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચતા નાકે દમ આવી જાય છે. રસ્તાઓ એટલા સાંકડા છે કે બે બાઈક પણ માંડ પસાર થઈ શકે છે. એસ.ટી. બસ તો ઓવાડા ગામ માટે જાણે સપનું છે. રિક્ષા પકડવા માટે પણ ગ્રામજનોએ ૨ કિલોમીટર સુધી પગપાળા ચાલવું પડે છે. વિદ્યાર્થીઓ જીવના જોખમે આ સાંકડા રસ્તાઓ પર ચાલીને શાળાએ જવા મજબૂર છે.

**ઉમરગામ મામલતદારના આપઘાત પ્રકરણમાં રેલવે પોલીસનું**

## કર્મચારીઓને નિવેદન માટે તેડું, કચેરીના સીસીટીવી ફૂટેજની તપાસ

**FSLની** ટીમે ઓફિસમાં તેમજ ઉમરગામ ટાઉન ખાતે મામલતદારના ફ્લેટમાં જઈ તપાસ કરી

ઉમરગામઃ ઉમરગામના મામલતદાર દલપતભાઈ બ્રાહ્મણકાચ્છે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધાના બનાવમાં રેલવે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. શુક્રવારે ઉમરગામ મામલતદાર કચેરી ઓફિસના સીસીટીવી ફૂટેજ તપાસ કરતી ટીમે કબજે લીધા હતા અને નિવેદનો લખાવવા માટે મામલતદાર કચેરીના કર્મચારીને પોલીસ સ્ટેશનમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે

ચૂંટણીની કાર્યવાહી દરમિયાન ફોર્મ ચકાસણી વખતે સરીગામ તાલુકા પંચાયત બેઠકના અપક્ષ ઉમેદવાર રાકેશ રાયનું ઉમેદવારી ફોર્મ રદ કરવા ભાજપના ઉમેદવાર તેના અધિકૃત વ્યક્તિ દ્વારા રજૂઆત ચૂંટણી અધિકારી ઉમરગામના મામલતદાર ડી.સી. બ્રાહ્મણકાચ્છ ને કરવામાં આવી હતી. આ મુદ્દે ઉમેદવારો તથા બંને પક્ષના વકીલોએ ભારે દલીલો કરી હતી અને દબાણ લાવવામાં આવતા માનસિક તણાવમાં ટ્રેન નીચે પડતું મૂકીને મામલતદાર ડી.સી.બ્રાહ્મણકાચ્છે જીવન ટૂંકાવી દીધું હોવાની ચર્ચા ઊઠવા પામી છે. આ પ્રકરણમાં બુધવારે એફએસએલની ટીમ મામલતદાર કચેરી ખાતે ઓફિસમાં તેમજ ઉમરગામ ટાઉન ખાતે મામલતદારના ફ્લેટમાં જઈ તપાસ કરી હતી. શુક્રવારે તપાસ અધિકારી પોતાની ટીમ સાથે ઉમરગામ મામલતદર કચેરી ખાતે તથા ઓફિસના સીસીટીવી ફૂટેજ કબજે લીધા હતા. વધુમાં ચૂંટણીની કામગીરીમાં તે દિવસે ફોર્મ ચકાસણી દરમિયાન સોમવારે હાજર હોય તે અધિકારી કર્મચારીઓને વાપી રેલવે પોલીસ સ્ટેશનમાં તપાસ અધિકારી સમક્ષ પોતાના નિવેદન લખાવવા આવવા હાજર રહેવા જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

## વલસાડના તીથલમાં ચાલુ શિબિરમાં હાઈ વોલ્ટેજ ડ્રામા

**ઈન્દિરા** માઇની શિબિરમાં મહિલાઓના પરિજનોનો હોબાળો

વલસાડઃ વલસાડના તીથલ સ્થિત બોમ્બે ગ્રેઈન કેમ્પસના હોલમાં ઈન્દીરા માઈની એક શિબિર ચાલી રહી છે. આ શિબિરમાં આજરોજ કેટલાક લોકોએ હોબાળો મચાવ્યો હતો. પોતાના ઘરની મહિલાઓ અહીં તેમની પરવાનગી વિના આવી જાય છે અને શિબિરથી તેમનો સંસાર તૂટી રહ્યો હોવાના આક્ષેપો સાથે હોબાળો મચાવ્યો હતો. જેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેને લઈ ભારે ચર્ચા ચાલી રહી છે.

વલસાડ બોમ્બે ગ્રેઈનમાં ઈન્દિરા માઈના સત્સંગમાં મુંબઈના પરિવારોની અનેક મહિલા અહીં ભાગ લેવા આવી હતી. જેનો વિરોધ કરવા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં આવી ગયા હતા અને તેમણે તેનો વિરોધ કર્યો હતો. મહિલાઓએ પણ શિબિર છોડવાનો વિરોધ કરતાં મામલો બગડ્યો હતો અને પોલીસ બોલાવવી પડી હતી. જેના પગલે શિબિર રદ કરવી પડી હતી. અનેક લોકોએ મીડિયા સમક્ષ આવી જણાવ્યું કે, ઘરની પુત્રી કે વહુ અહીં કોઈની પરવાનગી વિના જ આવી જાય છે અને કોઈનું સાંભળતી નથી. જેના કારણે તેઓ તેનો વિરોધ કરી રહ્યા હોવાનું જણાવ્યું છે.

આ સંદર્ભે ઈન્દીરા માઈએ પણ મિડીયા સમક્ષ આવી જણાવ્યું કે, તેઓ પારિવારીક, આર્થિક, સામાજીક સમાજની સમજ માટે તેઓ વિના મુલ્યે છેલ્લા 5 વર્ષથી શિબિર કરી રહ્યા છે. તેઓ સમાજ સેવા કરી રહ્યા છે. તેઓ કેમ વિરોધ કરી રહ્યા છે તેની તેમણે અજાણતા દર્શાવી હતી.






## દમણથી દરિયાઈ માર્ગે દારૂની તસ્કરી, 69 લાખનો દારૂ ઝડપાયો

**કોલકના** કાંઠે કસ્ટમ અને પોલીસના સંયુક્ત ઓપરેશનમાં 8 જેલભેગા, 18 હજારથી વધુ દારૂની બોટલ ઝડપાઈ

પારડીઃ સંઘપ્રદેશમાંથી દરિયાઈ માર્ગે ગુજરાતમાં દારૂ ઘુસાડતાં પોલીસે મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી પાડતા ફફડાટ વ્યાપી ગયો છે. પારડી તાલુકાના કોલક દરિયાકાંઠા વિસ્તારમાં કસ્ટમ વિભાગ અને પારડી પોલીસની સંયુક્ત કામગીરીમાં ગેરકાયદે રીતે દારૂની હેરાફેરી કરતી બોટ ઝડપી પાડવામાં આવી હતી. આ કાર્યવાહીમાં કુલ 8 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે તેમજ રૂ. 76 લાખ 88 હજાર 880નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, કસ્ટમ વિભાગ દ્વારા દરિયાઈ પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ બોટ નજરે ચઢી હતી. બોટ ભાગવાનો પ્રયાસ કરતી હતી પરંતુ કસ્ટમ ટીમે તેનો પીછો કરી દરિયામાં જ તેને રોકી હતી. તપાસ દરમિયાન બોટમાં કોઈ દસ્તાવેજો મળ્યા નહોતાં. બાદમાં હાઈ ટાઈડ દરમિયાન બોટને કોલક જેટી પર લાવવામાં આવી હતી. જ્યાં તપાસ કરતા બોટ નંબર "IND GJ-15-MM-0613" હોવાનું સામે આવ્યું. બોટમાંથી કુલ 555 બોક્સ તથા 18,672 ટીન/બોટલ જેની કિંમત રૂ. 69.68 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અને કૃષ્ણ હરીભાઈ ટંડેલ, જયંતી પ્રેમાભાઈ ટંડેલ, ભીખુ લલ્લુભાઈ ટંડેલ (ત્રણેય રહે., વલસાડ, કકવાડી), શૈલેષ શંકરભાઈ હળપતિ (રહે., ઉમરગામ) અમ્રત પરસોત્તમભાઈ ટંડેલ (રહે.ધોલાઈ, નવસારી), રાજુ ભગવાનભાઈ ટંડેલ (રહે., ધોલાઈ), દિવ્યેશ કરશનભાઈ ટંડેલ (રહે., ધોલાઈ), દીપક રમેશભાઈ હળપતિ (રહે., દમણ ભીમપોર) સહિત 8 ઈસમની ધરપકડ કરી હતી.

આ ઉપરાંત, તપાસ દરમિયાન દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી બોટ જેની કિંમત રૂ.7 લાખ, તેમજ 5 મોબાઈલ ફોન સહિત કુલ રૂ.76.88 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, દારૂ દમણથી દરિયાઈ માર્ગે નવસારી તરફ લઈ જવામાં આવતો હતો. આ સમગ્ર કાવતરામાં દમણનો કિરીટ રમેશભાઈ હળપતિ વોન્ટેડ હોવાનું બહાર આવ્યું છે. પારડી પોલીસ મથકે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## વાપી ગોદાલનગરની ચાલીમાં ગેસ લીકેજથી આગ, પાંચ દાઝયા

**નેપાળી** યુવકો રૂમમાં સૂતા હતા ત્યારે આગ લાગી, ઈજાગ્રસ્તોની હાલત ગંભીર



વાપીઃ વાપી ઈમરાન નગર નજીક ગોદાલનગરમાં આવેલી ચાલીમાં સાંજના સમયે કોઈ એક રૂમમાં ગેસ લીકેજ થયો હતો અને આગ ભડકી હતી. આગ લાગતા જ રૂમમાં સૂતેલા પાંચ નેપાળી યુવકો દાઝ્યા હતાં. ઈજાગ્રસ્ત બનેલાઓને તાત્કાલિક વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા જેમાં કેટલાક ગંભીર રીતે દાઝ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી વિગત અનુસાર, વાપી ઈમરાન નગર નજીક ગોદાલનગરમાં સાંઈ મ્યુઝીક સેન્ટરની પાછળ વસંતભાઈ એન પંચાલની ચાલી આવેલી છે. ચાલીમાં સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ કોઈ એક રૂમમાં ગેસ સિલિન્ડર લીકેજ થયો હતો. જે રૂમમાં ગેસ લીકેજ થયો હતો તે રૂમમાં પાંચ નેપાળી યુવકો સૂતેલા હતાં. ગેસ લીકેજને કારણે આગની ઘટના બની હતી અને તમામ પાંચ નેપાળીઓ દાઝી ગયા હતાં. આસપાસના લોકોને ધ્યાને આવતા તરત જ ફાયર વિભાગ અને પોલીસ ટીમને જાણકારી આપી હતી. બનાવ સ્થળે વાપી મહાનગરપાલિકા, વાપી નોટિફાઈડ સહિત પોલીસ ટીમ અને 108 એમ્બ્યુલન્સ ટીમ આવી પહોંચી હતી અને આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. ઈજાગ્રસ્તોને વાપીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જો કે, આગમાં દાઝેલા પાંચેય યુવકોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં ગેસ સિલિન્ડરના પાઈપ લાઈનમાં લીકેજ હોવાને કારણે આગની ઘટના બની હોવાનું અનુમાન છે. આગના પગલે આસપાના વિસ્તારમાં ડરનો માહોલ છવાઈ જવા પામ્યો હતો, પરંતુ તંત્રએ તુરંત કામગીરી કરતાં લોકોએ હાશકરો લીધો હતો.

## વાપી મનપામાં આગામી ત્રણ વર્ષ સુધી કોઈ ટેક્સ નહીં વધેઃ કનુભાઈ



વાપીઃ નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ શુક્રવારે જણાવ્યું હતું કે આગામી ત્રણ વર્ષ સુધી વાપી મહાનગરપાલિકામાં કોઈ પણ જાતના ટેક્સમાં વધારો થશે નહીં.

નાણાં મંત્રી કનુભાઈએ ભાજપનું સંકલ્પપત્ર જાહેર કરતાં કહ્યું કે, વાપીમાં આગામી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગોની સાથે આંતરિક રસ્તાઓનું સુદ્રઢ નિર્માણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, 20 મી મે ના રોજ જે ટાઈપથી રિંગ રોડને જોડતા નવા બની રહેલા રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ તેમજ મોરાઈ રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરાશે સાથે વાપીના જૂના રેલવે ફાટક પાસે નવા બની રહેલા રેલવે અંડર પાસ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે. તેમણે ૧૧ ગામો સહિત સમગ્ર વાપી શહેરમાં સારા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ તેમજ પીવાના પાણીની સારી વ્યવસ્થા કરવામાં આવશે તેની માહિતી આપી હતી. મહાનગરપાલિકામાં જોડાયેલા 11 ગામો માટે કરોડોના ખર્ચે પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અગામી મે માસમાં ડુંગરામાં નવો બનાવેલો 45 એમએલડી નો પ્લાનનું લોકાર્પણ કરાશે જેમાંથી ડુંગરા ચણોદ, કરવડ, છીરી ગામને પાણી પહોંચતું કરવામાં આવશે અને જે પાણી વધશે તે સીધું ચલા વિસ્તારમાં પહોંચાડવામાં આવશે.

## ખેરગામ જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીમાં રસાકસી જામશે

**વિકાસ,** રસ્તા, પાણી, આરોગ્ય જેવી સમસ્યાઓ ચૂંટણીમાં મહત્ત્વના મુદ્દા બની શકે

**કોણ કોની સામે ટકરાશે?**

| બેઠક | ભાજપ | કોંગ્રેસ | આમ આદમી પાર્ટી |
|---|---|---|---|
| આછવણી (જિ.પં) | હેતલબેન આહિર | નીલાબેન પટેલ | હિરલબેન પટેલ |
| ખેરગામ (જિ.પં) | મોહિનીબેન પટેલ | જ્યોતિબેન પટેલ | સુનિધાબેન પટેલ |
| આછવણી 1 | ભગુભાઈ પટેલ | ગીરીશભાઈ પટેલ | - |
| આછવણી 2 | જશવંતભાઈ પટેલ | ઉજ્જવલકુમાર પટેલ | દર્પણભાઈ પટેલ |
| બહેજ | મયુરીબેન પટેલ | રીમ્પલબેન પટેલ | - |
| ડેબરપાડા | છાયાબેન પટેલ | જમનાબેન પટેલ | વર્ષાબેન પટેલ |
| જામનપાડા | અનિલભાઈ પટેલ | ગણેશભાઈ પટેલ | જયેશભાઈ ભેંસરા |
| ખેરગામ 1 | જ્ઞાબેન પટેલ | સુમિત્રાબેન પટેલ | - |
| ખેરગામ 2 | મુકેશભાઈ પટેલ | વિમલભાઈ પટેલ | ઉજ્જવલભાઈ પટેલ |
| નાંધઈ | પૂર્વેશકુમાર ખાંડાવાલા | રણધીરભાઈ પટેલ | પ્રતાપભાઈ પટેલ |
| વાડ 1 | સુરેન્દ્રભાઈ પટેલ | દિગેશકુમાર પટેલ | જિજ્ઞેશભાઈ પટેલ |
| વાડ 2 | ચેતનકુમાર પટેલ | અલ્પેશભાઈ પટેલ | મકનભાઈ પટેલ |

ખેરગામઃ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીને લઈને ખેરગામ તાલુકામાં રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ત્રિપક્ષીય ટક્કર સર્જાઈ છે. મજબૂત ઉમેદવારોને કારણે જિલ્લા પંચાયતની આછવણી અને ખેરગામ બેઠક પર રસાકસીનો જંગ જામે તેવી શક્યતા છે.

તાલુકા પંચાયતની બેઠકોમાં પણ ભારે રસાકસી જોવા મળી રહી છે. વાડ, ખેરગામ, નાંધઈ, આછવણી અને ડેબરપાડા બેઠકો પર ભાજપના ઉમેદવારો સામે કોંગ્રેસ અને આપના ઉમેદવારો પણ મજબૂત ટક્કર આપી શકે તેમ છે. જે પરંપરાગત બે પક્ષીય લડતને ત્રિપક્ષીય બનાવી રહ્યા છે. આ વખતે ચૂંટણી માત્ર જીત-હાર સુધી સીમિત નથી, પરંતુ ત્રણેય પક્ષો માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની છે. ભાજપ પોતાના ગઢને જાળવી રાખવા પ્રયત્નશીલ છે, કોંગ્રેસ પુનઃસ્થાપિત થવા માગે છે અને આમ આદમી પાર્ટી નવા વિકલ્પ તરીકે ઉભરી આવવા પ્રયાસ કરી રહી છે. હવે મતદારો કોને પસંદ કરે છે તે આવનારા પરિણામોમાં સ્પષ્ટ થશે.

### બારડોલી-ચીખલીમાં મોબાઈલ ચોરીમાં વાંસદાનો શખ્સ ઝડપાયો

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસને બાતમી મળી હતી કે એક ઈસમ બારડોલીની ચાંદપીર દરગાહ પાસે ચોરીના મોબાઈલ વેચવાની પેરવીમાં છે. પોલીસે વોચ ગોઠવીને શંકાસ્પદ વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની પૂછપરછ દરમિયાન તેણે ચીખલી અને બારડોલીની કોલેજોમાંથી મોબાઈલ ફોન ચોરી કર્યા હોવાની કબૂલાત કરી હતી. આરોપી પાસેથી પોલીસે કુલ પાંચ મોબાઈલ ફોન કબજે કર્યા છે, જેની કુલ કિં.રૂ.88 હજાર આંકવામાં આવી છે. પકડાયેલો આરોપી નિખિલ રમેશભાઈ દડવી (ઉં.વ.૩૦) નવસારીના વાંસદા તાલુકાના રાણી ફળિયાનો રહેવાસી છે. આ કામગીરી દ્વારા બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના ત્રણ અને ચીખલી પોલીસ સ્ટેશનના બે એમ કુલ પાંચ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

## 14 વર્ષની કિશોરીને ગર્ભવતી બનાવનારને 20 વર્ષની કેદ

**દુષ્કર્મ** આચરનાર નરામધમ બે બાળકનો પિતા



વલસાડઃ વાપીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ૧૪ વર્ષની સગીરાને ગર્ભવતી બનાવનાર ૨૨ વર્ષીય નરાધમને સ્પેશિયલ જજે દોષિત ઠેરવી ૨૦ વર્ષ કેદની સજા ફટકારી હતી.

આરોપી કૈલેશ નરોત્તમ વસાવા (ઉં.વ.૨૨ રહે., ડેડિયાપાડા, નર્મદા)એ ભીલાડ હાઈવે પર આવેલી એક હોટેલમાં વાસણ ધોવાનું કામ કરતી નવસારી જિલ્લાના એક ગામની 14 વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ કર્યું હતું. જે પોતે બે બાળકોનો પિતા હોવા છતાં, તેણે એક ૧૪ વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હતી. આ મામલે ભીલાડ પોલીસમથકે ગુનો નોંધાયા બાદ કેસ વાપીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠી દલીલો રજૂ કરી હતી કે આરોપીએ સગીરા સાથે કરેલું કૃત્ય અત્યંત ગંભીર અને સમાજ માટે કલંકરૂપ છે. પ્રોસિક્યુશનની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી, સ્પેશિયલ જજ એચ. એન. વકીલે આરોપીને દોષિત જાહેર કર્યો હતો. કોર્ટે આરોપી કૈલેશ વસાવાને વિવિધ કલમો હેઠળ 20 વર્ષની સખત કેદ અને રૂ. 30 હજારનો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ એક વર્ષ કેદની સજા ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ સાથે ન્યાયાધીશે માનવીય અભિગમ દાખવી ભોગ બનનાર કિશોરીના પુનઃવસન માટે ગુજરાત વિક્ટીમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ કુલ રૂ. 4 લાખનું વળતર ચૂકવવાનો હુકમ પણ કર્યો છે.

## વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.1.11 કરોડ ખંખેરનાર સુરતના 4 ઝડપાયા

**વલસાડ** સાયબર પોલીસ માત્ર રૂ. 20.94 લાખ જ રિકવર કરી શકી




વલસાડઃ 'ડિજિટલ અરેસ્ટ' ગેંગ સુરતમાં બેસીને વલસાડની વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા અને તેની પાસેથી રૂ.1.11 કરોડ જેટલી માતબર રકમ પડાવી લેવાઈ હતી. વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે આ ગુનો નોંધી લાંબા સમયની તપાસ બાદ આ સાઈબર ઠગોની ગેંગના 4 સભ્યને પકડી પાડ્યા છે. જ્યારે અન્ય 3 જેટલા હજુ પણ વોન્ટેડ છે. જોકે, પોલીસ તેમની પાસેથી માત્ર રૂ.20.94 લાખ જ પરત મેળવી શકી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ઉમરગામના એક 69 વર્ષીય રહીશને કેટલાક સાયબર ઠગોએ TRAI, CBI, ક્રાઈમ બ્રાન્ચ અને સુપ્રીમ કોર્ટના અધિકારી બની ફોન અને Skype દ્વારા સંપર્ક કર્યો હતો. આરોપીઓએ આ વૃદ્ધના મની લોન્ડરિંગ કેસમાં નામ સંડોવાયું હોવાનું કહી ડરાવી 'ડિજિટલ કસ્ટડી'માં રાખ્યા હતા. આ સાયબર ઠગોએ તેમને બનાવટી સુપ્રીમ કોર્ટના ઓર્ડર બતાવી જામીન નામંજૂર થયાનું કહી પીડિત પાસેથી કુલ રૂ. 1,11,11,111 જેટલી માતબર રકમ ઠગાઈ કરી પડાવી લીધી હતી. જેમણે આ બનાવ સંદર્ભે વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ કરી હતી.

પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને માનવ સૂત્રોના આધારે તપાસ આગળ વધારી હતી. જેમાં પૈસાની ટ્રાન્ઝેક્શન સુરત સહિત અન્ય રાજ્યોમાં ફેલાયેલી હોવાનું બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓ બેંક ખાતાઓ મારફતે નાણા ઉપાડી આગળ પહોંચાડતા અને કમિશન લેતા હોવાનું સામે આવ્યું હતું.

આ કેસમાં પોલીસે સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા મુકેશ અનંતભાઈ પોળેકર, જય જમનભાઈ રાંક, રોહિતકુમાર નિતેશભાઈ મુંજાણી (મૂળ ભાવનગર) અને નિર્મળ નિતીનભાઈ સોલંકી (મૂળ ગીર સોમનાથ)ને ઝડપી પાડ્યા છે. જ્યારે અન્ય આશિષ અરવીંદભાઈ પટેલ, સની અને હર્ષિલ નામના આરોપીઓ હજી વોન્ટેડ છે. પકડાયેલા આરોપીઓ પાસેથી 4 મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે તેમજ ઠગાઈના રૂ. 20.94 લાખ હોલ્ડ કરાવી રિફંડ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.



નિલેશ કાપડિયા

## ચોંઢા-ધરમપુર ગામના ડુબાઉ બ્રિજ ઊંચો કરવાની જરૂરિયાત

વાંસદાઃ વાંસદાના ચોંઢા ગામ અને ધરમપુર તાલુકાને જોડતો સાંકળો અને લો- લેવલ પુલ ચોમાસા દરમ્યાન દબાણમાં જતાં પહોળો અને ઊંચો કરવાની સ્થાનિકોની માંગ ઊભી થઈ છે.

વાંસદા તાલુકાનું છેવાડાનું ગામ ચોંઢા અને ધરમપુર તાલુકા વચ્ચેથી તાન નદી પસાર થાય છે, જે નદીનો પુલ ખૂબ જ સાંકળો અને ઓછી ઊંચાઈ વાળો હોવાના કારણે દર ચોમાસા દરમ્યાન બ્રિજ ઉપર પાણી ફરી વળતા ઘણા દિવસો સુધી લોકોએ પુલ પરથી પસાર થવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે.

જેને લઈ ચોંઢા ગામમાં વસતા ખેડૂતો, નોકરિયાત વર્ગ અને વેપારીઓએ ધરમપુર તરફ જવા માટે ખૂબ જ ચકરાવો લઈ જવું પડે છે. આ તાન નદી પરનો પુલ સાંકળો અને ખૂબ જ લાંબો હોવાથી ચોમાસા દરમિયાન અચાનક નદીમાં વધુ પાણી આવી જતાં યુવક તણાઈ ગયો હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે. ચોંઢા ગામમાં વસતા લોકોને ધરમપુર તાલુકા તરફ જવા માટે આજ પુલ પરથી જવાનો રસ્તો સરળ પડતો હોય છે. જેને લઈ સ્થાનિકો અને ગામના સરપંચ દ્વારા આ પુલ પહોળો અને ઊંચો કરવાની વર્ષોથી માંગ રહી છે.


